શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૪ અંક : ૦૭
જુલાઈ : ૨૦૨૨

શ્રી ઘનશ્યામ મહારાજ

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-અમેરિકા ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ તથા દેવોને ધરાવેલ આમ્રકુટનાં દર્શન આમ્રકુટનો પ્રસાદ સંતો તથા ભક્તો દ્વારા જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.



શ્રી જગન્નાથ ભગવાનને રથમાં વિરાજમાન કરી કેમ્પસમાં યાત્રા કરાવતા સંતો તથા ભક્તજનો,
શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-અમેરિકા

પરમ પૂજ્ય પુરાણી સ્વામીની સ્મૃતિમાં આયોજિત ૮૫ કલાકની અખંડ ધૂનમાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો - દ્રોણેશ્વર ગુરુકુલ

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૪, જુલાઈ : ૨૦૨૨, અંક : ૦૭

નારાયણ વાસુદેવ...

નારાયણ વાસુદેવ અક્ષરપતિ સ્વામી
સેવત પદપદ્મ જાકે પુરુષ નિષ્કામી ॥૧॥
અક્ષર સમ કોટી મુક્ત, એકાંતિક ધર્મજુક્ત
પઢી પઢી નિત્ય પુરુષસુક્ત સ્તુવત બહુનામી ॥૨॥
ચંદનાદિક પુષ્પહાર, ગ્રહી કે ષોડશ પ્રકાર
પૂજત પ્રભુ વિશ્વાધાર, ચરનન શિર નામી ॥૩॥
અક્ષર અતિ પરમધામ, કરત તામેં હરિ વિરામ
પરમ પુરુષ પૂરનકામ, અનંત નામ નામી ॥૪॥
વૃષસુત સુંદર સુજાન, કોટીક શોભા નિધાન,
પ્રેમાનંદ વારે પ્રાન, નિરખી અંતરજામી ॥૫॥

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિજન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૨૫૬૧/૬૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એટલેમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul GurukulParivar
swaminarayangurukul.org darshan@sgvp.org

વચનામૃતમાં પ્રમેય નિરુપણ

- સ્વામી માધવપ્રિયદાસ

પાંચ અનાદિ ભેદ

ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં પાંચ અનાદિ ભેદ માન્યા છે, જેને સ્વામિનારાયણ સંપ્રદાયના પાંચ પ્રમેય કહી શકાય.

પાંચ અનાદિ ભેદનાં નામ છે- જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ.

શિક્ષાપત્રીમાં આ જ પાંચ ભેદને સંક્ષેપથી જીવ, માયા અને ઈશ્વર આ ત્રણ તત્ત્વમાં સમાવેશ કર્યો છે.

શિક્ષાપત્રીના ત્રણ તત્ત્વોનો વિસ્તાર કરતાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદ ફલિત થાય છે. આ પાંચેય ભેદ અનાદિ હોવાથી 'પાંચ અનાદિ ભેદ' એવો શબ્દપ્રયોગ થાય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃતોનું દર્શન આ પાંચ અનાદિ ભેદ ઉપર કેન્દ્રિત થયેલું છે.

ભેદ માટે 'કોટિ' શબ્દ વપરાય છે. એટલે જીવકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ એ શબ્દપ્રયોગ થાય છે.

બ્રહ્મકોટિમાં મહાપુરુષ, મહાકાળ, અક્ષરાત્મક મુક્તો અને અક્ષરબ્રહ્મ આ અવાન્તર ભેદોનો સમાવેશ થાય છે.

ઈશ્વરકોટિમાં વૈરાટનારાયણ, પ્રધાનપુરુષ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ વગેરે અવાન્તર ભેદોનો સમાવેશ થાય છે.

જીવકોટિમાં ઈન્દ્રાદિક દેવતાથી લઈને કીટ-પતંગ, મનુષ્ય, પશુ-પંખી, વૃક્ષ-વેલી વગેરે સર્વનો સમાવેશ થાય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે ગ.પ્ર.૭ વગેરે અનેક વચનામૃતોમાં આ પાંચ અનાદિ ભેદનું વર્ણન કરેલું છે.

'જેમ આ જીવને વિશે અને વૈરાજ પુરુષ ઈશ્વરને વિશે ભેદ છે અને વળી જેમ ઈશ્વરને વિશે અને પુરુષને વિશે ભેદ છે, તેમ પુરુષ અને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિશે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે.'

'અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે તે જે તે વાસુદેવનાં ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે. એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, ઈશ્વર, જીવ અને માયા એ પાંચ ભેદ અનાદિ છે.' (વચ.ગ.મ.-૩૧)

જીવસ્વરૂપ નિરૂપણ

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીના એક શ્લોકમાં જીવનું સુંદર લક્ષણ કર્યું છે.

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपः ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥

(શિક્ષાપત્રી-૧૦૫)

જીવ હૃદયમાં રહ્યો છે, અણુ સરખો સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર દેહને વિશે વ્યાપીને રહ્યો છે. અછેદ્ય, અભેદ્ય, અજર, અમર વગેરે એનાં લક્ષણો છે.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહને વિશે અભિમાને યુક્ત આત્માને 'જીવ' કહેવાય છે.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ જીવની અવસ્થાઓ છે.

જીવ અનાદિ અને અવિનાશી છે. જીવોની સંખ્યા અનંત છે, તેઓ સ્વતંત્ર નથી, જીવમાત્ર પરમાત્માને આધીન છે.

ઈન્દ્રાદિક દેવતાઓ, મનુષ્યો, પશુ-પંખીઓ, વૃક્ષ-વેલીઓ, કીટ-પતંગ વગેરે સર્વ જીવકોટિ ગણાય છે.

શુભાશુભ કર્મને લીધે આ જીવ સમુદાય ઊંચ-નીચ યોનિઓમાં ભમ્યા કરે છે, ક્યારેક તે ઈન્દ્ર થાય છે તો ક્યારેક એ જ જીવ પાછો કીડી-મકોડી પણ થાય છે.

શિક્ષાપત્રીમાં જીવ શબ્દ માત્ર સાધારણ સંસારી જીવો માટે જ નથી વપરાયો, પરંતુ આત્મતત્ત્વ માટે વપરાયો છે.

આત્મતત્ત્વના અવાન્તર ત્રણ ભેદ છે - જીવ, ઈશ્વર અને બ્રહ્મ.

ભગવદપાદ્ રામાનુજાચાર્યજીની શિષ્ય પરંપરાના મહાન વિદ્વાન શ્રીનિવાસાચાર્યજીએ યતીન્દ્રમતદીપિકામાં જીવના ત્રણ ભેદ સમજાવ્યા છે. જેના નામ છે - બદ્ધ, મુક્ત અને નિત્ય.

શ્રીનિવાસાચાર્યજીએ બદ્ધ જીવના ચાર ભેદ બતાવ્યા છે. દેવ, મનુષ્ય, તીર્યક્ અને સ્થાવર.

બ્રહ્મા, પ્રજાપતિઓ, દિગ્પાલો, ચૌદ મનુ, ચૌદ ઇન્દ્ર વગેરે જીવો દેવ કોટિમાં આવે છે.

મનુષ્ય યોનિ સ્પષ્ટ છે. તીર્યક્નો અર્થ પશુ-પક્ષી થાય છે. સ્થાવરમાં વૃક્ષ-વેલી વગેરેનો સમાવેશ થાય છે.

ભગવદ્કૃપાથી મોક્ષને પામેલા જીવો 'મુક્ત' કહેવાય છે.

કેટલાક જીવ ક્યારેય બદ્ધ થયા જ નથી. તેઓ અનાદિ કાળથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની સેવામાં રહેલા છે. એ બધા આત્માઓ 'નિત્ય' કહેવાય છે.

ઈશ્વરસ્વરૂપ નિરુપણ

વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહના અભિમાની જીવાત્માને ઈશ્વર કહેવાય છે. એનું જ બીજું નામ વિરાટ નારાયણ છે. શાસ્ત્રોમાં કોઈ કોઈ જગ્યાએ એમને 'હિરણ્યગર્ભ' પણ કહ્યા છે.

સત્સંગિજીવનમાં ઈશ્વરસ્વરૂપનું લક્ષણ જણાવતાં કહ્યું છે,

देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान्।
करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥ (स.जी.-१-५१-२९)

'ઈશ્વર વિરાટાદિ ત્રણ દેહમાં વ્યાપીને રહે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે અને સર્વજ્ઞ છે.'

ઈશ્વરના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહ છે.

ચૌદેય લોક સહિત આ અનંત બ્રહ્માંડ ઈશ્વરનો 'વિરાટ' દેહ છે.

આ વિરાટ દેહના કારણરૂપ ચોવીસ તત્ત્વો વિરાટનો 'સૂત્રાત્મ' દેહ કહેવાય છે.

વડલાના બીજમાં જેમ વડલો સમાયો હોય એમ સૂત્રાત્મ અને વિરાટ દેહ અતિ સૂક્ષ્મ રૂપે ઈશ્વરના 'અવ્યાકૃત' દેહમાં સમાયેલા છે.

ઈશ્વરની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ત્રણ અવસ્થાઓ છે.

'વૈરાજ પુરુષના ત્રણ દેહ અને ત્રણ અવસ્થાના અધિષ્ઠાતા ત્રણ સગુણ ઈશ્વરો છે, જે 'સગુણ બ્રહ્મ' કહેવાય છે.'

'વૈરાજ પુરુષની પ્રલય અવસ્થા અને અવ્યાકૃત શરીરના અધિષ્ઠાતા 'સંકર્ષણ' કહેવાય છે.'

'વૈરાજ પુરુષની સ્થિતિ અવસ્થા અને સૂત્રાત્મા શરીરના અધિષ્ઠાતા 'પ્રદ્યુમ્ન' કહેવાય છે.'

'વૈરાજ પુરુષની ઉત્પત્તિ અવસ્થા અને વિરાટ શરીરના અધિષ્ઠાતા 'અનિરુદ્ધ' કહેવાય છે.'

ભાગવતજીના તૃતીય સ્કન્ધના અધ્યાય-૨૬ માં સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્નનો વિરાટ નારાયણ સાથેનો સંબંધ સુંદર રીતે વર્ણવ્યો છે.

વૈરાજ નારાયણને 'સર્વજ્ઞ' કહ્યા છે, પરંતુ એમની સર્વજ્ઞતા એક બ્રહ્માંડ પૂરતી સીમિત છે.

બ્રહ્માંડો અનંતકોટિ છે, એથી એના સર્જક અને નિયામક ઈશ્વરો પણ અનંતકોટિ છે.

વેદોના પુરુષસૂક્તમાં ''ततो विराडजायत'' વગેરે મંત્રો દ્વારા વિરાટ નારાયણની ઉત્પત્તિ અને મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કન્ધમાં નારદ અને બ્રહ્માજીના સંવાદમાં; તૃતીય સ્કન્ધમાં વિદુરજી અને મૈત્રેય ઋષિના સંવાદમાં, એ જ તૃતીય સ્કન્ધમાં ભગવાન કપિલજી અને માતા દેવહૂતિના સંવાદમાં વિરાટ નારાયણની ઉત્પત્તિનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

તૃતીય સ્કન્ધમાં સાતમા અધ્યાયમાં વિદુરજી મૈત્રેયજીને કહે છે,

सृष्ट्वाग्रे महदादीनि सविकाराणि अनुक्रमात्।
तेभ्यो विराजमुद्धृत्य तमनुप्राविशद्विभुः ॥
(भाग.-३-७-२१)

यमाहुराद्यं पुरुषं सहस्राङ्घ्र्यूरुबाहुकम्।
यत्र विश्व इमे लोकाः सविकाशं समासते ॥
(भाग.-३-७-२२)

'હે ભગવન્ ! ભગવાને સૃષ્ટિના આરંભે ક્રમશઃ મહત્તત્ત્વ વગેરે તત્ત્વો તથા તેમના વિકારોનું સર્જન કર્યું, પછી તેમના અંશમાંથી ક્રમશઃ વિરાટ પુરુષને ઉત્પન્ન કર્યા. પછી ભગવાને તેમાં અંતર્યામી શક્તિથી પ્રવેશ કર્યો.'

એ વિરાટ પુરુષ 'આદિપુરુષ' કહેવાય છે. એને હજારો પગ, હજારો જંઘાઓ અને હજારો બાહુઓ છે. આ સમસ્ત ચૌદ લોક એમાં ઓકળાશથી રહેલાં છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં અનેક જગ્યાએ વિરાટ નારાયણનું વર્ણન કર્યું છે.

(ક્રમશઃ)

જુઓ, સદ્‌ગુરુ કૃપાનું આકાશ કેટલું વિશાળ છે !

- મુનીન્દ્ર

માનવીના જીવનનો આ આધાર છે અન્ન, વિદ્યા અને અભય. અન્ન એના દેહનું પોષણ કરે, વિદ્યા એની બુદ્ધિનું પોષણ કરે અને અભય એની શ્રદ્ધાનું પોષણ કરે.

સામાન્ય રીતે કોઈ સંત કાંતો કોઈ અન્નક્ષેત્ર ખોલે, કાં તો વિદ્યાધામની રચના કરે અથવા તો અભયદાનનાં કાર્યો કરે છે, પરંતુ સંત શ્રી ધર્મજીવનદાસજી સ્વામી જેવી વિભૂતિઓના જીવનને જોઈએ ત્યારે ખ્યાલ આવે કે સંતને આવા કોઈ ક્ષેત્રોના સીમાડા બાંધી શકતા નથી. માનવકલ્યાણનાં સઘળાં ક્ષેત્રો પર એમના પ્રેમ, પ્રકાશ અને પરમાર્થનું અજવાળું પથરાતું હોય છે.

આવા સંતે કરેલાં જીવનકાર્યને જોઈએ, ત્યારે એવો અનુભવ થાય કે એમના સંતત્વની સુવાસે કેટલા બધા લોકોના જીવનને સંસ્કારપૂર્ણ, સેવાપરાયણ અને અધ્યાત્મલક્ષી બનાવવામાં યોગદાન આપ્યું છે.

આજે સંત શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનું સ્મરણ એ માટે થયું કે છેક ઈ.સ. ૧૯૪૮ની વસંતપંચમીએ એમણે એક અનુપમ સંસ્થાની સ્થાપના કરી અને એ છે ભારતીય ગુરુકુલ પરંપરાની.

દુર્ભાગ્યે ગુલામોની બેડીઓને કારણે આ દેશ એની પરંપરા અને એની સંસ્કૃતિ વિસરી ગયો. વિદેશી પ્રચારને લીધે કહેવાતા ભણેલા-ગણેલા લોકો ભ્રમિત થયા અને 'પરદેશનું બધું જ સોનું' એવું વિચારવાની ભૂલ કરી બેઠા.

આવે સમયે આપણા મહાન પ્રાચીન ગ્રંથોમાં નિહિત જ્ઞાન, અનુપમ સંસ્કારવૈભવ, એમાં આલેખાયેલી ઉચ્ચ જીવન પ્રણાલી અને એનો માનવીનો ઉર્ધ્વતા અર્પતો ભાવના-સંચય એ બધાના પુનઃજાગરણ માટે સંતશ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલની સ્થાપના કરી અને એના દ્વારા માત્ર શિક્ષણ કે અધ્યાત્મની દુનિયામાં જ નહીં, બલ્કે શિક્ષણના માધ્યમથી એક સર્વવ્યાપી પરિવર્તન સાધ્યું.

આવી વિભૂતિનું અવિસ્મરણીય જીવનકાર્ય સાંગોપાંગ આલેખવું, એમના ભીતરની ભાવનાઓનું પ્રતિબિંબ ઝીલવું અને એને શબ્દદેહ આપવો એ અતિ વિકટ કાર્ય છે, પરંતુ એમના શિષ્ય વિદ્વત્ ભૂષણ પરમ પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પોતાના સમર્થ ગુરુનાં ચરણે વિરાટ અક્ષર અંજલિ આપી છે.

કુલ છ ભાગમાં અને આશરે ચાર હજાર પૃષ્ઠોમાં આલેખાયેલું પોતાના ગુરુદેવ શ્રી ધર્મજીવદાસજી સ્વામીનું જીવન પ્રેરણાદાયી છે.

ગુરુ શબ્દમાં 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. 'અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ દોરી જાય તે ગુરુ' અને એવી રીતે શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલી ભ્રામક માન્યતાઓ, ખોટા ખ્યાલો અને એથીય વધુ પોતિકી સંસ્કૃતિની ઉપેક્ષાના અંધકારને ફેડવાનું કાર્ય સદ્‌ગુરુ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલ સંસ્કૃતિનું સર્જન કરીને કર્યું અને એમના શિષ્ય પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી માધવપ્રિયદાસજીએ સદ્‌ગુરુઓએ આપેલાં પ્રેમ, પ્રકાશ અને પરમાર્થને દર્શાવતા 'શ્રી ધર્મજીવન ગાથા' નામનાં વિશાળ ગ્રંથનું સર્જન કર્યું. આને માટે પૂજ્ય સ્વામી શ્રી માધવપ્રિયદાસજીએ સાત-સાત વર્ષનો પુરુષાર્થ કર્યો અને આજે એ સરસ્વતિ સાધના વિસ્તૃત છ ભાગમાં પ્રગટ થઈ રહી છે.



એક અર્થમાં કહીએ તો આ 'શ્રી ધર્મજીવન ગાથા' એ એક પ્રકારે વિવેકવંદના, વિશ્વાસવંદના, અક્ષરવંદના અને પરમના સ્પર્શની વંદના છે. એમાં સદ્‌ગુરુ શ્રી ધર્મજીવનદાસ સ્વામીનાં જીવનના સમગ્ર આકાશને જોવાનો પ્રયત્ન કર્યો છે. એ આકાશમાં તમને શું નિરખવા મળશે ? એ આકાશમાં તમને ભારતીય સંસ્કૃતિનો

ધબકાર ઝીલતા ગુરુકુલની વાત નજરે પડશે. એ આકાશમાં તમને કપરી કુદરતી આપત્તિ સમયે કરેલાં સેવાકાર્યોનો માનવતાપૂર્ણ ઈતિહાસ જોવા મળશે. એ આકાશમાં તમને જપ, તપ અને અષ્ટાંગ યોગસાધનાનું તેજ જોવા મળશે. એમાં ભારતીય પ્રજાના શ્વાસ સમા વેદગ્રંથોનું ગાન અને ગૌસેવાના મહિમાનું ગુંજન અનુભવાશે.

આ મહાગ્રંથનો પ્રારંભ થાય છે સૌરાષ્ટ્રની ધરતી પર આવેલા શત્રુંજી નદીના કિનારા પર તરવડા નામના ગામથી અને એ ગામમાં વસતા અરજણ (પછી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી)ને ધર્મસંસ્કાર ધરાવતી માતા, વિદ્યાનિષ્ઠ શિક્ષકો અને હસતી કુદરતના ખોળે ઉછરવા મળે છે.

અભ્યાસમાં ખંતીલા અને તેજસ્વી એવા અને બીજાનો ઉત્કર્ષ જોઈને રાજી થનારા બાળક અરજણની સદ્‌ગુરુ માટેની તીવ્ર ઝંખના હોય છે અને એવામાં નિષ્કુળાનંદ સ્વામીએ રચેલો ગ્રંથ 'યમદંડ' વાંચતા અરજણને જીવનપંથ મળી જાય છે. આ ગ્રંથ એને સંસારની ક્ષણભંગુરતાનો તથા અધર્મયુક્ત જીવનથી મળતાં નરકનાં દુઃખોનો ખ્યાલ આપે છે ને તેને પરિણામે અરજણનાં અંતરમાં સંસારત્યાગની ભાવના જાગે છે.

વૈરાગ્યપ્રાપ્તિ પૂર્વે કોઈ ભક્તની કસોટી થાય એવી કસોટીઓનો એમને સામનો કરવો પડ્યો. પિતા ભુરાભાઈના આકરા વેણ અને લાકડીના માર સહન કરવા પડ્યા. પિતાના ગુસ્સાની આગનો એમને વારંવાર અનુભવ થયો, પરંતુ એ આગથીયે વિશેષ દાવાનળ સમા સંસાર સુખને છોડીને સાધુ થવાનો વિચાર વિ.સં. ૧૯૭૩, ભાદરવા વદ પાંચમ, બુધવારને ૧૯૧૭ની પાંચમી સપ્ટેમ્બરે સાકાર થયો. અરજણનાં અંતરની સદ્‌ગુરુ પ્રાપ્તિની ઝંખના સિદ્ધ થઈ અને અગ્નિના તાપથી તપેલું કુંદન શોભી ઊઠે એ રીતે 'અરજણ ભગત' સ્વામી ધર્મજીવનદાસજીને નામે ઓળખાયા.

સંસારમાં તો આવનારી ઘટના જ્ઞાત હોય છે, પણ અધ્યાત્મમાં તો અજ્ઞાતમાં ઝંપલાવવાનું હોય છે.

ભગવાં વસ્ત્રોમાં શોભતા યુવાન સાધુ ધર્મજીવનદાસજીને થયું કે મારે સંસ્કૃત શીખવું જોઈએ અને પછી તો આખીય શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા કંઠસ્થ કરી. જેની ઝંખના હતી એના સેવામય જીવનમાં જપ, તપ, સ્વાધ્યાય દ્વારા અનોખો યજ્ઞ શરૂ કર્યો. મંદિરોનાં નવનિર્માણ અને જિર્ણોદ્ધારનું કામ કર્યું અને સાથોસાથ મનમાં સદા એક ભાવ હતો કે સંપ્રદાયને રૂઢિમાંથી બહાર કાઢવો અને માનવ વ્યક્તિત્વની સર્વાંગી શિક્ષાના કેન્દ્ર જેવા ગુરુકુળનો પ્રારંભ થયો.

વળી હૃદયમાં એવો શુભસંકલ્પ પણ જાગ્યો કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશ પ્રમાણે જીવનભર પૃથ્વી ઉપર સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું અને સર્વજીવહિતાવહ સેવા-પ્રવૃત્તિઓ કરવી.'

પોતાની આ સંસ્થાને કોઈ વ્યક્તિના નામ સાથે જોડવાને બદલે એનું નામ 'સ્વામિનારાયણ ગુરુકુલ' રાખ્યું. ઘણા ધનાઢ્યોએ પોતાના નામનો આગ્રહ સેવ્યો હતો, પરંતુ સાધુવર્ય શ્રી ધર્મજીવનદાસજીના દૃઢ સંકલ્પ સામે કોઈનું કશું ચાલ્યું નહીં. આમાંથી એક વિલક્ષણભાવ એ ઊભો થયો કે પ્રત્યેક સેવાકાર્ય પ્રભુને સમર્પિત કરવું.

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી સહજાનંદથી પાંચમી પેઢીના શિષ્ય સદ્‌ગુરુ શ્રી ધર્મજીવનદાસજી હોવા છતાં ધર્મગુરુની આસપાસ કોઈ બાહ્યાડંબર એમને લેશમાત્ર સ્પર્શ્યો નહોતો. જેવી એમની વાણી સાદી, એવું એમનું જીવન સાદું અને પરિણામે આપોઆપ ગુરુકુલના વિદ્યાર્થીઓમાં સાદાઈ અને સેવાનો ભાવ જાગવા માંડ્યા.

જ્યારે સદ્‌ગુરુની વાણીમાં જ પારાવાર સાહજિકતા હોય, ત્યારે કઠોર અનુશાસન, સોટીનો ચમત્કાર કે પછી આદેશોના અવાજો ક્યાંથી સંભળાય ? સહુ કોઈ સહજપણે પોતાનું કામ કરે. અહીંના શિક્ષકો ગુરુકુળમાં વિદ્યા પ્રાપ્ત કરીને સાધુ થયા અને પછીએ વિદ્યાદાન આપનારા શિક્ષકો બન્યાં.

ભારતીય સંસ્કૃતિની ગુરુકુલની ઉજળી પરંપરા અહીં આત્મસાત્ કરવામાં આવી અને ગુરુકુળની ગૌશાળા, એની સ્વચ્છતા, એનું રસોઈઘર અને ગુરુકુલનું પ્રેસ - સઘળું છાત્રો અને શિક્ષકો સંભાળવા લાગ્યા. આ રીતે નિર્મળ વાતાવરણ, સાધુ-સંતોનો વિદ્યાનુરાગ, શિક્ષણ આપવા માટેનો અપ્રતિમ ઉત્સાહ અને વિદ્યાર્થીઓ અને

સાધુ-શિક્ષકોમાં જોવા મળતો હૃદયસ્પર્શી સુમેળ - આ બધી બાબતોએ ગુરુકુલની પ્રાચીન ભારતીય ભાવનાને ધબકતી કરી દીધી.

માત્ર બુદ્ધિશાળી વિદ્યાર્થી નહીં, પરંતુ ચારિત્ર્યવાન બુદ્ધિવંત વિદ્યાર્થી તૈયાર થવા લાગ્યા. એમાં રોજ એક વર્ગ ધાર્મિક લેવાતો જેમાં સ્તુતિ, પ્રાર્થના, કીર્તનો અને સંસ્કૃત સ્તોત્રો કંઠે કરાવવામાં આવતા. ધાર્મિક પરીક્ષાઓનું પણ આયોજન થતું અને આ રીતે ભારતીય સંસ્કૃતિની વિસ્મૃત થયેલી ગુરુકુળોની પરંપરાને પુનઃ જાગૃત કરવા માટે એક ક્રાંતિકારી કદમ ઊઠાવવામાં આવ્યું.

વર્તમાન યુગમાં આ ગુરુકુળોએ નવી ભાત પાડી. એમાં રોજના એક રૂ. લેખે મહિને ત્રીસ રૂપિયાની ફી લઈને અભ્યાસ કરાવવામાં આવે. આમાં અભ્યાસ અને નિવાસની અહીં સઘળી સગવડ મળે, તે આજના યુગનું આશ્ચર્ય જ ગણાય. આપણી સંસ્કૃતિને અનુરૂપ એવા પ્રાચીન જ્ઞાનનો અર્ક આ ગુરુકુળે આપ્યો છે અને પૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજીએ એનું વિસ્તૃત અને હૃદયસ્પર્શી આલેખન શ્રી ધર્મજીવન ગાથામાં કર્યું છે.

આ ગ્રંથમાં એક એક હૃદયસ્પર્શી વાક્યથી આપણે સદ્‌ગુરુ સ્વામીશ્રી ધર્મજીવનદાસજીનાં જીવનચરિત્રનું પાન કરતા જઈએ છીએ અને ત્યારે એ સમયનું વાતાવરણ, જનજીવન, પરિસ્થિતિ અને એની વચ્ચે બનતી ઘટનાઓ પરમ પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજીની કલમથી આપણાં મનઃચક્ષુ સમક્ષ સર્જાતી રહે છે. એમાં જ્ઞાનની મહેક, સેવાની સુવાસ અને ધર્મનો ઉલ્લાસ છે.

એક શિષ્યએ પોતાના સદ્‌ગુરુનું ચરિત્ર આલેખીને એમનાથી પ્રાપ્ત થયેલા કૃપાપ્રસાદને અક્ષર રૂપે પ્રગટાવ્યો છે. સ્વામીશ્રી માધવપ્રિયદાસજીની શૈલીથી ભાવના, પવિત્રતા અને ગુરુભક્તિની સતત સુવાસ આ વિરાટ ગ્રંથમાં અનુભવાય છે. કોઈ શિલ્પી જેમ ટાંકણાથી શિલ્પની એકેએક રેખાઓને કોતરતો જાય એ જ રીતે પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજીએ આ શિલ્પ રચીને આપણને કહ્યું છે કે 'જુઓ, સદ્‌ગુરુ કૃપાનું આકાશ કેટલું વિશાળ હોય છે.'

આથી જ આ મહાગ્રંથના આરંભમાં કુમારપાળ દેસાઈએ લખેલા લેખનું શીર્ષક છે 'સદ્‌ગુરુ કૃપાનું વિશાળ આકાશ.'

શ્રી ધર્મજીવનગાથા ગ્રંથમાં આપણે ગુરુત્વનો મહિમા, ગુરુકુળની પરંપરા અને ધર્મજીવનની ધન્યતાનો સાક્ષાત્ અનુભવ પામીએ છીએ.

(રવિપૂર્તિ, ગુજરાત સમાચારમાંથી સાભાર)

માનવીના જીવનનો આધાર છે અન્ન, વિદ્યા અને અભય. અન્ન એના દેહનું પોષણ કરે છે, વિદ્યા એની બુદ્ધિનું પોષણ કરે છે અને અભય એની શ્રદ્ધાનું પોષણ કરે છે...

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

હીણું હૈયું

હીર વિનાનું હૈયું છે હીણું ને
માતો નથી ક્યાંય મરડ !
આ જમાનાની ઝપટ લાગતાં
નીકળી જાશે ઠરડ !
નીકળી જાશે ઠરડ ઠમુકો
હે ! સારા થાવાની તક કાં ચૂકો ?
કહે કોવિદરામ જનમના દી'નું
હીર વિનાનું હૈયું છે હીણું ને
માતો નથી ક્યાંય મરડ !

જે માણસમાં એક પણ સદ્‌ગુણ નથી, એનું જીવન નિરર્થક છે. કોઈ એકાદ સત્ત્વ, કોઈ એકાદ સુલક્ષણ, કોઈ એકાદ કલાનો સંગ, ટૂંકમાં કોઈ એકાદ પ્રકારની આવડત માણસને સફફ બનાવે છે અને સંસારસાગર પાર કરાવે છે.

જેના હૈયામાં આવું એક પણ હીર નથી, એ હીર વગરનું હીણું હૈયું છે.

કોઈ પણ જાતના કૌશલ્ય વગરનો માણસ હોય છતાં વિનમ્ર હોય તો કોઈની દયા ઉપર નભી જાય એવું બની શકે, પરંતુ માણસ કંઈ જ કામનો ન હોય છતાં એમાં મદ હોય તો ક્યારેક જમાનાની ઠોકર એના અભિમાનને ચૂરેચૂરા કરે જ છે. આથી દરેક મનુષ્યએ સજ્જન થવાની કોઈ તક ચૂકવી જોઈએ નહીં અને યથામતિ અન્યને ઉપયોગી થવું જોઈએ.

આ જગતને યોગીથી વધુ ઉપયોગીની જરૂર છે.

શ્રી ધર્મજીવન ગાથા : ગ્રંથિ છોડાવે તે ગ્રંથ

- ભાગ્યેશ ઝા

છ ગ્રંથોનું વિમોચન થયું જાણે ધડ્-રિપુને નાથવાની વાત થઈ, જાણે આકાશનું ગહન મૌન વાંચવા મળ્યું. જાણે રોજ જોવા મળતી ખુલ્લી વિદ્યાપીઠના અસંખ્ય વૃક્ષોનાં ચાર હજાર પાંદડાં બોલી ઊઠ્યાં. પંદરેક દિવસથી આ છ-ગ્રંથોની ગોઠડી માંડી છે. આ ગ્રંથો છે, હસતા (ખુલીને હસી શકતા સંત) માધવપ્રિયદાસજી દ્વારા લખવામાં આવેલા ધર્મજીવનદાસ ગાથાના છ ગ્રંથ.

આમ તો જીવનવૃત્તાંત છે, પણ છે આખી ઈકો-સિસ્ટમમાંથી વહેતી નસોનો નકશો, એક સંપ્રદાયની સભાઓ અને નેરેટીવનું નકશીકામ, ભારતની તત્ત્વપીઠિકાનું લોકાભિધાન. ધર્મજીવનદાસ એ માધવપ્રિયદાસજીના ગુરુ, લોકોત્તર પ્રતિભા અને દાર્શનિક.

મૂળ નામ અરજણ. અમરેલીના નાનકડા ગામનો અરજણ, પણ એના હાથે ગાંધીનગરના રાજમાર્ગને વિદ્યાતિલક કરે એવો આંગળીઓમાં થરકાટ. ગામનું નામ તરવડા. આષાઢી બીજે અરજણ જન્મે છે.

કવિ માધવપ્રિયદાસજી એક અદ્‌ભુત પદમાં ગાઈ ઊઠે છે,

'એવી અષાઢી બીજે રે ઝબકે વીજળી, વીજળીએ આગમના એંધાણ.

હરિની ઇચ્છાએ અરજણ અવતર્યા, કરવા અનંતનાં કલ્યાણ...'

આ ગીત વાંચ્યા પછી એને યુટ્યુબમાં ગવાતું સાંભળ્યું. શબ્દ આવી રીતે સંગીતમય બનીને જ્યારે કર્ણગોચર બને ત્યારે પડળ ઉકેલે છે. આમાં ગુરુ-શિષ્ય પરંપરાની આખી સંહિતા છે, લેખકની ગુરુભક્તિ છે પણ આખું ભજન વાંચતા આખી ગ્રંથશૃંખલાની દૃષ્ટિ પકડાઈ ગઈ. શબ્દમાં વીજળી પકડવાની જે શક્તિ છે એ પણ ઝીલાઈ અને ઝડપાઈ ગઈ.

ક્ષણનો જ વિસ્ફોટ હોય છે. પે'લી કોર પાનબાઈ બેઠાં બેઠાં હજી તો જાણે કે હમણાં જ ગાતાં હતાં, વીજળીને ઝબકારે મોતીને પરોવવાની વાત... આજે પૂજ્ય માધવપ્રિયદાસજી. એક ચમત્કાર થાય છે, કવિતા એની છેલ્લી પંક્તિમાં સારતત્ત્વ ગાઈ ઊઠે છે, **'અંધારાં અંતરનાં સરવે ઓગળ્યાં, હરિએ ઝાલી લીધો હાથ...'** આ બન્ને ઘટનાઓ એક વિદ્યાર્થી તરીકે મને સ્પર્શી ગઈ.

અંતરનાં અંધારાં ઓગળવાં અને હાથ ઝાલવો. હાથ ઝાલવો એ ધાર્મિકતા છે પણ અંધારા સાથેની લડાઈ એ અધ્યાત્મ છે. અરજણ ધર્મજીવનદાસ બનતા પહેલાં એક નાનકડા તોફાનમાંથી પસાર થાય છે. એ અંતર સાથેનો સંઘર્ષ છે, એ બાળકમાં આવેલી અતિન્દ્રીય જાગૃતિએ એક વિહ્વળતા આપી. એણે પાંચ વખત ઘેરથી ભાગી જવાના પ્રયત્નો કરીને સફળતા મેળવી. આ ઘટનાક્રમને કવિ માધવપ્રિયદાસજી 'ઉડાન' કહે છે.

આ ઉડાનમાં પાંખોનો ફફડાટ છે. **Herman Hesse**નો **Siddharth** યાદ આવે, એની **Restlessness** જેવી વિહ્વળતા અરજણ અનુભવી રહ્યો છે. છેલ્લે ગુરુનું મિલન થાય છે, સ્વામી બાલમુકુન્દજી એની આંગળી પકડે છે અને અરજણમાં એક અર્જુન વિકસે છે. આ અરજણનું અર્જુન થવું એ જ ધર્મ છે, માણસ અંદરથી કળીની જેમ ઉઘડે, બહાર ફૂટી ના જાય. અંદર અજવાળામાં જાતને જુએ, બાહારના ઝાકમઝોળમાં અંજાઈ ના જાય. અંદરથી શોધ આરંભાય, બાહારના ભટકાવમાં ફસાઈ ના જાય. આવું કશુંક થવા લાગ્યું.

એક વખત રુદ્રપ્રયાગની ગિરિકંદરાઓમાં અરજણ કોઈ આશ્રમમાં રઘુવંશના

શ્લોકો સાંભળે છે, મધુર ગાનમાં અલકનંદાનું સંગીત ભળે તો સામાન્ય માણસ આનંદ અનુભવે, પણ અધ્યાત્મમાર્ગનો સાધક હોય તો સમાધિના મંત્ર સાંભળે. હિમાલય પરથી આવનારા પવનની લહેરખીઓ સ્પર્શી અને રઘુવંશના રાજાઓની ગહન ગરિમા અને આશ્રમોની આભામાંથી નીતરતી આધ્યાત્મિકતાએ અરજણની 'ટ્રાન્સફોર્મન્સ'ની ધુરા સંભાળી લીધી.

અહીં બે મંત્રોની દીક્ષા સંભળાય છે. सद्विद्याप्रवर्तन અને सर्वजीवहितावह । આમ તો શિક્ષાપત્રીના આ બે મંત્રો, પણ એની પાછળ તો સનાતન ધર્મની એક મોટી વિચારયાત્રા ચાલી આવી.

સદ્વિદ્યા કેવી રીતે પ્રવર્તાવીશું ? શ્રી ધર્મજીવનદાસજી એક આહલેક જગવે છે, એ ગુરુકુલોમાં પરિવર્તન કરીએ. એક ક્રાંતિ થઈ, હરિદ્વાર કે ઋષિકેશને બદલે રાજકોટમાં ગુરુકુલ સ્થપાય છે. સદ્વિદ્યાની શરુઆત અવિદ્યાના (અહીં અવિદ્યા એટલે વિદ્યાનો અભાવ નહીં, પણ અપર વિદ્યાઓ) શિક્ષાલયો બંધાય છે. ईशोपनिषद संभळाय, अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतदश्नुते....અવિદ્યાથી મૃત્યુને હંફાવીને પણ બ્રહ્મવિદ્યાથી મૃત્યુ-ઉપરાંતની સમજ કેળવવાની.

શ્રી બાલમુકુંદ સ્વામીની સાથે ધર્મજીવનદાસજીની યાત્રા ચાલે છે અને પછી ધર્મજીવનદાસજી સાથે શ્રી માધવપ્રિયદાસજીની પ્રીતિ એક ધર્મયાત્રા ચાલે છે. આફ્રિકામાં સત્સંગ માટે ગયેલા સ્વામીજી એક પ્રકારની ખુલ્લાશ, મોકળાશ દર્શાવે છે. બે મંદિર અને એમને હરિભક્તો કહે છે, 'બીજા મંદિરે અમે નથી જતા'. સ્વામી કહે છે, 'અમારે જવું છે'... સ્વામીનું એક વાક્ય ખૂબ જ ગમી ગયું, એ બોલ્યા, 'સાધુએ તો સેતુ બાંધવા જોઈએ.' આ ઉદારતા અને ખુલ્લાપણું એ ભારતીયતાની ઓળખ છે.

અહીં બધા લોકો અનેક દેવી-દેવતાઓની ઉપાસના કરતાં હોવા છતાં એકત્વ અનુભવે છે. આ 'એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ'ના ઉદાહરણરૂપ આચાર-વિચારથી સ્વામીનું જીવન અદ્‌ભુત સુગંધીને પામે છે.

પાંચમા ગ્રંથમાં સર્વધર્મ-સમન્વયનું જે આલેખન છે, તેનાથી સ્વામી ધર્મજીવનદાસજીની ઉદારતાનો ખ્યાલ આવે છે. આ દીક્ષા અને આ શિક્ષા સ્વામી માધવપ્રિયદાસજીને સહજ પ્રાપ્ત થઈ છે, એ એમની સહજતામાં છલકાય છે.

આવો જ બીજો સંકલ્પ એ 'सर्वजीवहितावह' જીવવું, બધા જીવોનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓ કરવી એ એમની શિખામણ અને આચરણે અનેક સંસ્થાઓ નીપી છે. એક લોકોત્તર સાધુનું જીવન એક તળપદી ભાષામાં બોલતા સંતની વાણીના બળને આવી રીતે ચાર હજાર જેટલાં પૃષ્ઠોમાં વર્ણવતાં વર્ણવતાં લેખક સ્વામી માધવપ્રિયદાસજીની દૃષ્ટિ અને ભાષાનો વૈભવ જોવા મળે છે. સરળ શૈલી છે પણ અહીં 'સાદગીનો વૈભવ' આવી કૃતિને સાહિત્યના એક શિખર પર પહોંચાડે છે.

[૨૭-૦૩-૨૦૨૨ના રોજ એસજીવીપી ખાતે ગુજરાતના રાજ્યપાલની ઉપસ્થિતિમાં યોજાયેલ ધર્મજીવનસત્રમાં કરેલ પ્રવચનની ગૃહનોંધ]

(મધુવન, જન્મભૂમિમાંથી સાભાર)

જીવનનું રહસ્ય

ભગવાન વિષ્ણુએ એક વખત જાહેરાત કરી, 'જેને જે જોઈએ તે માગી લો.'

વિષ્ણુને બારણે માણસોની કતાર જામી ગઈ. બધાં પોતાને જોઈતી વસ્તુઓ માગવા લાગ્યા. કોઈ પૈસા, કોઈ પુત્ર, કોઈ સુખ, કોઈ દવા, કોઈ ઊંઘ, કોઈ આરામ, કોઈ નિરાંત, કોઈ નોકરી, કોઈ પદ, કોઈ પદવી, કોઈ સફળતા!

ભગવાન વિષ્ણુ બધાંને આપતા જ રહ્યા. જેને જે જોઈએ તે મળવા લાગ્યું. ભગવાનની બાજુમાં જ લક્ષ્મીજી બેઠાં હતાં. તેમને ચિંતા થઈ. તેમણે ભગવાનનો હાથ પકડ્યો અને કહ્યું, 'આમ બધાંને બધું આપી દેશો તો વૈકુંઠ ખાલી થઈ જશે.'

હસીને ભગવાન કહે, 'નહિ થાય દેવી ! વૈકુંઠ ખાલી નહિ થાય. કેમ કે આ માણસો માંગવા જેવી વસ્તુ તો માગતા જ નથી. અને એ વસ્તુઓ જ્યાં સુધી આપણી પાસે રહેશે ત્યાં સુધી આપણને કોઈ જ તકલીફ નહિ પડે.'

દેવી લક્ષ્મીએ પૂછ્યું, 'કઈ છે એ વસ્તુઓ?'

હસીને ભગવાન કહે, 'શાંતિ અને સંતોષ.'

પછી એ જ રીતે હસીને જણાવ્યું, 'માનવજાત બધું માંગે છે, પણ બે જ વસ્તુઓ માગતા નથી, અને એ બે વસ્તુ સિવાયની બીજી બધી વસ્તુઓ નકામી છે. શાંતિ અને સંતોષ એ બંને પૂર્ણવિરામ છે. એ સિવાયનાં બધાં સુખ અલ્પવિરામ છે. એકડા વગરનાં મીંડાં જ કહો ને દેવી! આપણી પાસે વૈકુંઠમાં એ બે વસ્તુ છે અને એટલે જ આપણે એને વૈકુંઠ કહીએ છીએ.' જીવનનું રહસ્ય સાંભળી લક્ષ્મીજી પણ મરક મરક હસી રહ્યાં.

સત્સંગનું બળ પામવાના ઉપાયો

- કીર્તિભાઈ ઘોળકિયા

કોઈ મુમુક્ષુ સમજણપૂર્વક કે દેખાદેખીથી સંતો પાસે વર્તમાન ધારી કંઠી બાંધે, પૂજા સ્વીકારે, તિલક ચાંદલો કરે, મંદિરે દર્શને જાય, છતાં પણ ઘણીવાર કોઈકમાં સત્સંગીના ગુણો આવતા નથી કે મનમાં અહો અહો વર્ત્યા કરતું નથી. મનમાં આનંદના હિલોળા આવતા નથી. મનના દોષ નાશ પામતા નથી. આવો ઘણાને પ્રશ્ન કે મૂંઝવણ હોય છે.

પણ, જેણે શ્રીહરિનો યથાર્થ મહિમા જાણ્યો હોય તેને તો સદાય આશ્ચર્ય સરખું વર્તે. દર્શન કરતો હોય તો નિત્ય નવાં ને નવા દર્શન થાય. રાજાના કુંવરને જેમ મનમાં કેફ વર્તે કે પોતે ભાવિ રાજા છે, તેવો કેફ પ્રભુનાં દર્શન કરતાં પોતે ધન્યતા અનુભવે. ત્યારે જાણીએ જે તેને પ્રભુમાં હેત થયું છે.

વચનામૃત ગઢડા પ્રથમના ૭૮માં લક્ષ્મણાનંદ સ્વામીનો આવો જ પ્રશ્ન છે કે, "ભગવાન ને ભગવાનના સંતનો જે સમાગમ તે આશ્ચર્ય સરખો કેમ સમજીએ ત્યારે જણાય ? અને આઠે પહોર અહો, અહો સરખું કેમ રહે ?"

ત્યારે શ્રીહરિએ તેનો યથાર્થ ઉત્તર કર્યો કે, "જે ભક્ત એમ સમજે જે આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુરના નિવાસી છે. તે સંત અને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે.... એ સંત ભેળો મારો નિવાસ છે. એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે ને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝૂલતો રહે.".

તેવી જ વાત શ્રીહરિએ ગઢડા પ્રથમના ૨૯માં વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં કરી છે કે, "ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિતની જે ભક્તિ તેની વૃદ્ધિ પામવા માટે એક તો પવિત્ર દેશ, રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ છે. તે જો યોગ્ય હોય તો જીવને આ દિવ્ય ગુણો અંતરમાં પ્રગટે અને આનંદ વર્તે."

આ વાત શ્રીહરિએ ગઢડા મધ્યના ૬ ૩માં જણાવી છે કે, "જેનો જીવ અતિશય બળને પામ્યો હોય, તેને ભૂંડુ સ્વપ્ન પણ ન આવે, ભગવાન ને સંત તેના વિષે પ્રીતિ હોય ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય તો તેનો જીવ અતિશય બળને પામે છે. માટે જીવને બળ પામ્યા સારું ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરાબર કોઈ ઉપાય નથી."

ઘણાને પ્રશ્ન થાય કે, ભગવાન શું કામ ભજવા ? મહારાજ અને સંતો-ભક્તોની સેવા શું કામ કરવી ? નિયમ - ધર્મ શું કામ પાળવા ? ભક્તિ શું કામ કરવી ? સદાચારના નિયમો શું કામ પાળવા ? દેવદર્શને શું કામ જવું ?

જવાબમાં એટલું કહી શકાય કે, જો તમારે જન્મ-મરણ, ગર્ભવાસ અને યમયાતનમાંથી છૂટવું હોય તો ભક્તિ કરવી પડે, નિયમો પાળવા પડે.

પ્રભુનો રાજીપો લેવો હોય, આ લોક ને પરલોકમાં સુખી થવું હોય તો નિયમો પાળી ભક્તિ કરવી પડે. પ્રભુની, સંપ્રદાયની, મંદિરોની, ગુરુકુલોની, સંતોની, હરિભક્તોની નિર્માની ભાવે સેવા કરવી પડે. અહં મૂકી નિર્માનીભાવે સેવા કરાય તો પ્રભુનો અવશ્ય રાજીપો મળતો હોય છે અને અંતરમાં મહારાજ વિરાજે અને આનંદ આનંદ વર્ત્યા કરે.

પ્રભુની ભક્તિના પોષણ માટે, બળિયા ભક્ત થવા માટે આ મુજબના ઉપાયો ધ્યાને રાખીએ....!

(૧) નીચી ટેલ કરવી (૨)

ધર્માદિકના અડગ નિયમ પાળવા (૩) અડગ બ્રહ્મચર્ય (૪) સંતો-ભક્તો સાથે હેત રાખવું (૫) ભક્તોનો પક્ષ રાખવો

(૧) નીચી ટેલ કરવી : સત્સંગમાં આગળ વધવા માટે સંપ્રદાયમાં નીચી ટેલ કરવાની દિવ્ય પરંપરા છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ સાવરણો લઈને મંદિર વાળતા. તેમની પરંપરામાં આપણે છીએ. તો આપણે પણ મંદિરોમાં, ગુરુકુલોમાં નીચી ટેલ કરવી અથવા સંતો-ભક્તો કરે તેવી સેવા કરવી. આ નીચી ટેલ કરવાથી મનમાં નિર્માનીપણું આવે છે, વૈરાગ્યભાવ આવે છે, મન વિષયોમાં ઝડ્યું નાખતું બંધ થઈ જાય છે પ્રભુ પ્રત્યે હેત થાય છે. પણ, આ સેવા કરવામાં મનમાં એવો ભાવ રાખવો કે, હું તો સર્વે ભક્તોનો સેવક છું, દાસ છું. તો જ આ સેવા ફળે. નિર્માનીભાવે કરેલી સેવા જ દિવ્ય ફળ આપે છે.

(૨) ધર્માદિકના અડગ નિયમ : શિક્ષાપત્રીની આજ્ઞાનુસારના નિયમ-ધર્મ બે રીતે મળી શકે. એક તો જ્ઞાનદૃષ્ટિએ, બીજું મૂઢપણે. જો ભગવાનનું સ્વરૂપ અને તેનું મહાત્મ્ય યથાર્થપણે જાણ્યું હોય તો નિયમો સમજણપૂર્વક પળી શકે. તેનો મનમાં આનંદ આવે. મનમાં સુખ વર્ત્યા કરે.

બીજું મૂઢપણે પળાતા નિયમોમાં પ્રભુનો અટલ વિશ્વાસ, સંતોના વચનમાં અટલ વિશ્વાસ અને તેનામાં અતિશય હેત હોવાના કારણે તેમણે કહેલા નિયમો હેતપૂર્વક પળાતા હોય છે. અભણ કે ઓછું જ્ઞાન ધરાવતા લોકો નિયમો પાળવામાં તર્ક કે બુદ્ધિ લડાવતા નથી, તેથી તે વધારે સફળ થાય છે.

મહારાજ કહે કે, "સંસારની વ્યક્તિઓને જે દુઃખ આવે છે તે તેના કર્મે કરીને આવે છે અને ભક્તોને જે દુઃખ આવે છે તે પ્રભુની આજ્ઞા લોપવે કરીને આવે છે. માટે નિયમો પાળવામાં ખબરદાર રહેવું."

(૩) અડગ બ્રહ્મચર્ય વ્રત : ગૃહસ્થને ગૃહસ્થાશ્રમમાં આવતા નિયમોમાં કે, 'જે પરણી હોય તે પોતાની સ્ત્રી. બાકી બીજી બધી મા બેન અને દીકરી.' એવો ભાવ રાખી ગૃહસ્થાશ્રમ કરે, તો તેને ત્યાગી જેવું જ ફળ મળે છે. બ્રહ્મચર્યની એવી તાકાત છે કે જીવ પ્રભુ સાથે એકતા સાધી શકે છે. પોતાની મનધારી ઇચ્છા પૂરી કરી શકે છે. તેના વ્યવહારિક અને આધ્યાત્મિક કાર્યો સફળતાપૂર્વક વિના પ્રયત્ને પાર પડે છે. સંસારમાં કોઈ વિઘ્નો આવતાં નથી. પ્રભુમાં હેત થાય છે. આ બ્રહ્મચર્યનો પ્રતાપ છે.

(૪) સંતો-ભક્તોમાં હેત : સંસારમાં સગા, સ્નેહી કે મિત્રો તે દેહના સગા છે. માયાના જીવ છે. મહારાજ કહે, સગાવ્હાલાનો સંબંધ તો વડ પીપર જેવો છે. કદાચ જો કપાઈ ગયો હોય તો પણ પડ્યો પડ્યો ધરતીમાં પાલવે અને કોટા કાઢે. તેમ સગા સાથે મનદુઃખ થયું હોય તો પણ હેતના લીધે પ્રસંગ આવતા ફરી મનમેળ થઈ જતું હોય છે. આની સાથેનો સંબંધ માયાનો સંબધ છે. તે જન્મમરણ કરાવે છે. માટે સાવધાન રહી ઔપચારિક સંબંધો રાખવા પણ જીવ ન જોડવો.

પણ, સંતો-ભક્તો તો જીવના સગા છે. તે અક્ષરધામમાં પણ સાથે રહેવાના છે. તેમની સાથે હેત કરવાથી તે આપણી ભૂલો ઓળખાવી આધ્યાત્મિક જગતમાં સાચા રસ્તે વાળે છે, માટે તેમની સાથે હેત કરવું. મહારાજ કહે, બે સારા સંત ને ચાર સારા હરિભક્તો સાથે હેત કરવું. તો તે આપણને કલ્યાણના માર્ગમાં ટોકે, રોકે, સાવધાન કરે, ભૂલો ઓળખાવી સાચા રસ્તે વાળે. માટે સંતો ભક્તો સાથે પ્રયત્નપૂર્વક હેત રાખવું કે જેવું સંસારીઓને પોતાના કુટુંબીજનો સાથે હોય છે.

(૫) પક્ષ રાખવો : પક્ષ એટલે સંતો-ભક્તોની તરફેણમાં રહેવું. જેવું પિતાને પુત્ર પ્રત્યે કે પત્ની પ્રત્યે હોય છે તેવો પક્ષ રાખવો. સતો-ભક્તોની આધિ-વ્યાધિ-ઉપાધિમાં તેને તન, મન, ધનથી મદદ કરવી. તેના દુઃખમાં ભાગ પડાવવો, તો અનેક જન્મે કલ્યાણ થવાનું હોય તો તે આ જન્મે જ થાય.

શ્રી હરિએ પક્ષ રાખવા વિશે ગઢડા અંત્યના ૭મા વચનામૃતમાં કહ્યું છે કે, "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય તેણે જેમ પોતાના શરીરને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન અને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ (હેત) રાખવી. ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો. પક્ષ રાખતા આખરે વધો કે ઘટો, માન થાઓ કે અપમાન થાઓ. દેહ જાવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન કે તેના ભક્તનો પક્ષ મૂકવો નહીં કે તેમનો અભાવ આવવા દેવો નહીં. આવી રીતે જે વર્તે તેને કામાદિક શત્રુ પણ પરાભવ કરી શકતા નથી."

માટે આપણે બધા અક્ષરધામના પ્રવાસી છીએ. સાધક દશામાં છીએ. ત્યારે ભગવાનમાં, સંતોમાં, ભક્તોમાં હેત રાખીએ તો જીવમાં અતિશય બળ આવે ને આપણે શ્રીહરિને પામી શકીશું.

હૈયાની હામ પૂરી કરી

- શ્રી હરદાસભાઈ સાવલિયા

"હાય..! હાય...! આ મોટું ખોરડું વગોવાશે. મલકમાં દરબારની આબરૂના ધજાગરા બંધાશે!"

"એલી રંભાબાઈ! એવી તે શી વાત છે, ને કોની વાત કરો છો?"

"અરે પદમાકાકી! આ મુળીના દરબાર પાતળભાઈના બેન રાજુબા જુવોને, હઠ પકડી બેઠા છે!" એટલુ સાંભળીને રંભા જવાબ આપે તે પહેલા વચ્ચે જ દયાએ કહ્યું, "પણ એવી તે શી વાત છે? એની કંઈક ચોખવટ તો કરો! સમજાય એમ ફોડ પાડો ને?"

"હા.. કાકી, એ રાજબાની ઉંમર હજુ તે કાંઈ મોટી થોડી થઈ છે! વીસેક વરસ થયાં હશે ને ગઢપણમાં લાગે એવો વૈરાગ્ય લાગ્યો છે. તે આજ હું ગઢમાં કામે ગઈ'તી ત્યારે દરબાર પાતળબાપુ રાજુબાને સમજાવતા કે'તા હતા, "બેન રાજુબા! એમાં રોવાનું તે શું હોય?"

"પણ ભાઈ! એ છ છ મહિના વયા ગયા, તોયે શ્રીહરિનાં મારે દર્શન ન થયાં, તે હૈયે ઠાલું ઠાલું લાગે છે!"

"અરે બેનબા! મહારાજને આપણે એક જ ભક્ત થોડા છીએ! એને તો મલક આખામાં દરેક ભક્ત સરખા રાખવા પડે. વારંવાર વિચરણ કરવાનું હોય, તે જરાય નવરા ન પડે. તે એમ જલ્દી દર્શન આપવા કેમ કરીને આવે?"

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્તમ ક્ષત્રિય પાતળભાઈ દરબાર, તેમનાં બેન રાજુબાએ પૂર્વ જન્મના અધૂરા યોગ રહ્યા હશે, તે પૂરા કરવા મૂળીમાં અવતાર ધર્યો. તે વીસ વરસની ભરયુવાનીમાં ભગવાન ભજતા હતા. હમણાં જ તો તેનો સંબંધ સમૃદ્ધ ક્ષત્રિય પરિવારમાં થયો. તે વિસારીને રાજુબાને પ્રત્યક્ષ ભગવાનમાં પ્રીત બંધાઈ. શ્રીજી મહારાજમાં લીન થઈ સ્મરણ કરતા હતા. તેને પ્રગટનાં પ્રત્યક્ષ દર્શનની ઝંખના લાગી હતી.

કૂવા પર પાણીની ડોલ સીંચીને રંભાએ વાતની ચોખવટ પદમાગોરાણીને કરી.

આમ વાતુનો બરાબર રંગ જામ્યો હતો. કૂવાના કાંઠે પાણી સીચતા ગોળી, હાંડા, ગાગર અધૂરા રાખીને બાયું વાતુમાં તરબોળ થઈ ગઈ હતી. એ જોઈ બીજી વખત પાણી ભરવા આવતા નંદુ પટલાણીએ ટકોર કરી કહ્યું, "એલી બાયુ! ઈ વાતું તો ખૂટશે નહિ. કૂવે જ સાંજ થશે. ઘરે કામ પડ્યા રે' શે." એમ કહી તેણે કૂવા કાંઠેથી જળ ભરેલ પોતાની હેલ્ય માથે ચડાવી ઘર તરફ જવા પગલાં માંડયાં. ત્યારે બીજી બાયુંએ પણ પોતપોતાની હેલ્યું માથે ચડાવી ઘર તરફ ચાલવા માંડી. વાતુંનો વાયરો ચડેલ તે વિખરાઈ ગયો.

શ્રીહરિ આજે લોયામાં સુરા ખાચરને ત્યાં બિરાજ્યા હતા. બપોરા ઉતાવળે કરીને તરત માણકીએ ચડવા જતાં સુરા ખાચરને કહ્યું, "સુરા ખાચર...! ઘોડે ચડો, હાલો અમારી ભેળા!"

સુરા ખાચર તો કંઈ પૂછ્યા વિના મૂંગે મોઢે ઘોડે ચડી શ્રીહરિ પાછળ હાલતા થયા.

એ વખતે રાજુબા શ્રીજીમહારાજની મૂર્તિમાં પોતાના જીવને જોડીને મૂર્તિનું સુખ માણતા હતા. શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરવાની મનમાં ઝંખના ઉપડી હતી. આંખેથી શ્રાવણિયા મેઘ જેવી આંસુની ધારા વહી રહી હતી.

શ્રીહરિ તેમની પ્રેમદોરીથી બંધાઈને જાણે ખેંચાયા! તે વખતે શ્રીહરિની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિર બાંધી રહ્યા હતા. તેમાં ધનની જરૂર પડી, તેથી શ્રીહરિ પર પત્ર લખી પરિસ્થિતિ જણાવી હતી.

અચાનક શ્રીહરિ સુરા ખાચર સાથે મૂળી પાતળભાઈના દરબારગઢમાં આવી ઊભા રહ્યા. અણધાર્યા શ્રીહરિને આવેલ જોઈને પાતાળભાઈનાં હૈયામાં આનંદ ઉભરાઈ પડ્યો ને સાદ કરી બોલ્યા, "અરે... રાજુબા...! જુવો... જુવો તો ખરા, કોણ આવ્યું છે! અહીં મહારાજ પધાર્યા છે!"

શ્રીહરિ માણકી ઉપરથી ઊતર્યા ત્યારે પાતળભાઈના ગોલાએ આવી ઘોડાની લગામ ઝાલીને ખીલે બાંધી ચંદી નાખી. પાતળભાઈ શ્રીહરિના પગે પડ્યા. બે હાથ જોડીને ઊભા, ત્યારે રાજુબા ઓરડામાંથી બહાર આવી દૂર ઊભા રહી શ્રીહરિનાં દર્શન કરી રહ્યા હતા. ત્યારે શ્રીહરિએ પાતળભાઈને કહ્યું, "દરબાર! રાજુબાને પાસે બોલાવો.

ત્યાં દૂર શા માટે ઊભા છે ?''

રાજુબા નજીક આવ્યાં. શ્રીહરિએ કહ્યું, ''લ્યો રાજુબા ! બરાબર દર્શન કરી લ્યો ! હૈયાની હામ અધૂરી ન રહી જાય. તમે અમારાં દર્શન વિના અકળાયા, તેથી અમે સઘને લોયા મેલીને અહીં ખેંચાઈ આવ્યા.''

સુરા ખાચરને ત્યારે વાતની સમજ પડી કે શ્રીહરિ બપોરના જમ્યા પછી આરામ મેલીને ભક્તના પ્રેમના દોરે બંધાઈને ચૂળી આવ્યા.

શ્રીહરિએ કહ્યું, ''રાજુબા ! આજ તો તમારા હાથનો અમે થાળ જમીશું ! તમને એ પ્રસાદી જમાડવી છે. તમે લીધેલ વ્રત છોડાવવાનું છે !''

એ સાંભળતા રાજુબાનું હૈયું ભાવાવેશમાં ગદ્‌ગદ્ થયું. મનની હતાશા ખંખેરતા બોલ્યા, ''અહો પ્રભુ ! દર્શન આપવા આવ્યાં અને થાળ પણ જમશો ! એટલી બધી કૃપા ? મારાં તો ભાગ્ય ઊઘડી ગયાં !''

શ્રીહરિએ કહ્યું, ''ત્યારે તો અમે કોઈ ઠેકાણે રોકાયા જ નહીં ને અહીં આવ્યા. આ સુરા ખાચરે અમને રોકવા ઘણો દાખડો કર્યો, પણ તમારી ભક્તિ થકી ખેંચાઈને અહીં આવ્યા છીએ.''

રાજુબાએ કંસાર રોટલીનો થાળ કર્યો. શ્રીહરિ જમવા બેઠા. સુરા ખાચરને પણ બેસાડ્યા. શ્રીહરિની થાળીમાં કંસાર પીરસાયો. ઘીની કંઈ કમી ન હતી, છતાંએ મહારાજે ઘી માંગ્યું. બોઘરડીમાંથી ઘીની ધારોડી કંસારમાં કરાઈ, તોએ મહારાજ રાજુબા સામે જોઈ રહ્યા. લથબથ ઘીનો થાળ થયો ત્યારે શ્રીહરિ બોલ્યા, ''લ્યો હવે રાખો રાજુબા !''

શ્રીહરિ થોડો કંસાર જમ્યા પછી બોલ્યા, ''રાજુબા ! આ કંસારની પ્રસાદી બધી જ તમારે માટે છે. તમે જ તે જમજો.''

શ્રીહરિના પ્રેમની પરાકાષ્ઠાનો અનુભવ કરતા રાજુબા બોલ્યા, ''અહો પ્રભુ ! મારાં જીવતરને તમે આજ ઉજળું કર્યું. હું ધન્ય થઈ ગઈ !''

શ્રીહરિએ કહ્યું, ''રાજુબા ! દેહનું પોષણ અન્ન છે, જીવનું પોષણ ભગવાનનું સ્મરણ-ચિંતન છે એ સંબંધથી અમારો તમને વૃત્તિ દ્વારા પણ સબંધ હતો, એટલે તો તમારો જીવ દેહમાં ટક્યો. તમારાં ચિત્તની વૃત્તિ સાથે અમે બંધાયેલા હતા. માટે હવે જ્યારે પણ સંભારશો, ત્યારે તરત જ તમને અમારાં દર્શન થશે.'' એટલું કહી શ્રીહરિએ ચળુ કર્યું. રાજુબાએ શ્રીહરિને એલચી સોપારીનો મુખવાસ આપ્યો. ઓસરીમાં શ્રીહરિ માટે ઢોલિયો ઢાળ્યો હતો, ત્યાં તેઓ બેઠા. ત્યારે સાંજનો અંધારપીછોડો ધરતી પર પથરાઈ ગયો ને ઠંડા વાયરાનો વીંઝણો વાવા લાગ્યો. તેથી શ્રીહરિ બોલ્યા, ''રાજુબા ! આજે તો ટાઢય વધારે છે, તો કંઈક તાપણું કરો ને !''

રાજુબાએ છાણાં-લાકડાંનું તાપણું કરાવ્યું. તોએ શ્રીહરિનો દેહ થરથર ધ્રૂજતો હતો, ટાઢ ઊડી જ નહીં. ઘરમાં જે બળતણ હતું તે બળી ગયું. તે પછી ઘંટીની ખાટલી, ગાડાના પૈડાંય સળગાવ્યા, તોએ તાપણાંથી ટાઢ જરાય ઓછી ન થઈ તેથી શ્રીહરિ બોલ્યા, ''અરે રાજુબા ! આ ટાઢ છે કે હેમાળો ! હવે તો ટાઢ ખમાતી નથી, વહમી થઈ છે. તમારાં તાપણાંને જ એ ટાઢ ખાઈ જાય છે, માટે હજુએ કાઈંક બળતણ હોય તો લાવો !''

રાજુબાએ એક પસાયતાને બોલાવ્યો. થોડીવારે તે આવ્યો ત્યારે હાથમાં કૂવાડો લઈને આવ્યો અને તેને રાજુબાના ઘરમાં જતો જોઈ શ્રીહરિએ પૂછ્યું, ''એલા ભાઈ ! કૂવાડો લઈ ઘરમાં શા માટે જાય છે !''

પસાયતો ઊભા રહી બોલ્યો, ''મહારાજ ! અટાંણે રાતે લાકડાં-છાણાં ક્યાં લેવા જવા ! એટલે રાજુબાને પ્રિય ઢોલિયો છે, તેના પાયાને ફાડીને તમારા માટે તાપણું કરવું છે.''

એ સાંભળી શ્રીહરિ બોલ્યા, ''રાખો હવે રાજુબા ! અમારી ટાઢ ઊડી ગઈ. તમારામાં રહેલી કાચપ ટળી ગઈ. એની જ અમને ટાઢય ચડી હતી !''

રાજુબાના અંતરમાં ભરાયેલ મોહ માયા શ્રીહરિએ આ અકળ લીલા કરીને બાળી નાંખી અને અપાર કૃપા વરસાવી તરબોળ કર્યા. રાજુબાને થયું કે અંતરમાં આ ભાવને હું પકડીને સદાય સાચવી લઉ. જેમ ચકોર પક્ષી ચંદ્ર સામે મીટ માંડી રહે, તેમ રાજુબા શ્રીહરિ સામે નજરુંના દોર લંબાવી બેસી રહ્યા.

શ્રીહરિએ તેની સામે નજરું પરોવીને કહ્યું, ''રાજુબા ! તમે તો અમારા માટે કેટલું બધું બળતણ

બાળી નાંખ્યું !''

રાજુબાએ કહ્યું, ''મહારાજ ! એ નાશવંત તો વહેલા-મોડું નાશ થવાનું જ હતું. આપ એમ કાં કહો ? મને એનો મોહ હતો, તે તૂટ્યો. તમે છોડાવ્યો ને ધૂળ ભેળી ધૂળ થઈ. તમે મળ્યા પછી મને કાંઈ ખોટ રહી નથી. હવે તમારી કૃપા મારાં અંતરે સદા જળવાય એવી દયા કરજો.''

શ્રીહરિએ તથાસ્તુ કહ્યું. પછી અચાનક વાત ફેરવીને કહ્યું, ''રાજુબા ! આજે તમારે અમારી ભીડ ભાગવાની સેવા કરવી પડશે !'' શ્રીહરિ થોડો મૂંઝવણનો ભાવ મુખ પર લાવતા બોલ્યા. ''અમે વડતાલે મંદિર કરવા માટે બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા છે. તેમનો પત્ર આવ્યો છે કે નાણાંની જરૂર છે, કડિયાના પગાર ચડ્યા છે. તો અમે શું કરીએ ? અમે પૈસા રાખતા નથી. એ મંદિર અધુરું રહે, તો લોકમાં ફજેતો થાય. માટે તેમણે નાણાં મંગાવ્યા છે, તો અમે ક્યાંથી લાવી આપીએ ?''

રાજુબાએ શ્રીહરિના શબ્દો સાંભળ્યા, તેને તે મીઠા લાગ્યા. હૈયામાં આનંદની હેલી ચડી. 'અહોહો... શું આજનો અમુલખ દા'ડો ને ભાગ્ય ચડિયાતા જાગ્યા છે ! સર્જનહારની લીલા અપરમપાર છે. જેણે આપ્યું છે તેને જ પાછું આપવામાં વળી મોહ શું રાખવો ? આવો મોકો કે'દી આવે ?' એમ વિચારતા પોતાના ગળાનો હાર તરત ઊતારી શ્રીહરિનાં ચરણે મેલતાં કહ્યું, ''મહારાજ ! આ હાર અને બીજા રોકડા બસો રૂપિયા હું આપું છું. તે પછી કાંઈ ઘટે તો મને કહેવડાવજો, તેનો બદોબસ્ત કરીશ, એ પછી શ્રીહરિની આંખોમાં આંખો પરોવી રહ્યા.

શ્રીહરિની આંખો પણ ભાવાર્દ્ર બની ગળતા કંઠે પૂછ્યું, ''આ હારની કિંમત કેટલી રાજુબા ?''

રાજુબા તો મહારાજ સામે આંખો ફેરવી ભાવસમાધિમાં લીન થઈ બેઠા હતા, તેથી સુરા ખાચરે કહ્યું, ''મહારાજ ! પાંચસો રૂપિયા તો પૂરા ગણાય !''

શ્રીહરિએ સુરા ખાચરને કહ્યું, ''સુરાઆપા ! તમે એ હાર લઈને બોટાદ જાઓ. હાર ભગા દોશીને ત્યાં ગીરવે મેલીને તે જે રૂપિયા આપે, તે લઈને વડતાલ જજો. આપણે ત્યાં ભેળા થઈશું.'' એમ કહી રાજુબાને શ્રીહરિએ કહ્યું, ''રાજુબા ! અમને માફ કરજો. અમે તમારૂ પ્રિય અને કિમતી ઘરેણું લઈ લીધું.''

''અરે મહારાજ !'' ગદ્‌ગદ્ કંઠે શ્રીહરિનાં ચરણે માથું નમાવી રાજુબા સજળ નેત્રે બોલ્યા, ''મારું સર્વસ્વ આપ છો. તમે અમને મળ્યા પછી એ નાશવંત માયાથી હું છૂટી, નહિતો આ વજ્ર સમા હૈયામાંથી એ કેદીય છૂટત નહી ને આ લોકમાં મારે ફેરા રહેત. હવે આ લોકનું કાંઈ મને પ્રિય રહ્યું નથી. જેને પામવા માટે અનેક વર્ષો તપ તપવાં પડે ત્યારેય ન પમાય, તે મને સહજમાં મળ્યું છે !''

શ્રીહરિને જે કાર્ય સિદ્ધ કરવાનું હતું તે સિદ્ધ થતાં તે ઊઠ્યા અને બોલ્યા, ''રાજુબા ! હવે અમે જઈએ. લોયામાં સંઘ અમારી રાહ જોતો હશે !''

''ભલે પ્રભુ ! અનહદ કૃપા કરી આપ આવ્યા. આવી કૃપાનું પાત્ર સદાય બનું તેવી અમી દૃષ્ટિ રાખજો.''

શ્રીહરિએ રાજુબા ઉપર પ્રેમભરી દૃષ્ટિ કરી માણકી ઉપર સવારી કરી અને માણકી પવન વેગે ઊડવા માંડી. પલકવારમાં માણકી અને અસવાર ક્ષિતિજને પાર કરી ગયા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP),
અમદાવાદ દ્વારા આયોજિત

નિત્ય
વિષ્ણુયાગ ગૌપૂજન તથા
બ્રહ્મભોજન



વર્ષમાં એક દિવસ અવશ્ય
આ આયોજનમાં જોડાઈએ
અને સંસ્કૃતિ સંરક્ષણમાં ભાગીદાર થઈએ

જન્મ દિવસ, લગ્ન દિવસ વગેરે શુભ પ્રસંગે તથા
અક્ષર નિવાસી આત્માની સ્મૃતિમાં
ઘરે બેઠા આ આયોજનમાં સહભાગી થઈ શકાય છે.

: સંપર્ક : સાધુ યજ્ઞવલ્લભદાસ- ૯૯૦૬૮૮૦૩૬૫ | સાધુ ગુણસાગરદાસ- ૯૨૬૫૯૫૬૦૧૩

સમાચાર દર્શન

ગુરુપૂર્ણિમાં મહોત્સવ

ગુરુપૂર્ણિમા મહોત્સવ ભારતવર્ષનો અતિ મહત્ત્વનો ઉત્સવ છે. આજના દિવસે ભગવાન સાથે ભેટો કરાવનારા ગુરુઓનું પૂજન શિષ્યો કરે છે અને ધન્યતા અનુભવે છે. ૧૩ જૂલાઈના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ પૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

SGVPના ગ્રાઉન્ડમાં તૈયાર કરવામાં આવેલ વિશાળ સભામંડપમાં ધામધૂમથી ઠાકોરજી, પાદુકા તથા સદ્‌ગુરુ સંતોની પધરામણી થઈ ત્યારે ઉપસ્થિત ભક્તોના હૈયા નાચી ઊઠ્યા. સૌએ તાળીઓના ગડગડાટથી સંતોનું અભિવાદન કર્યું. સદ્‌ગુરુઓ પોતાના સ્થાને બિરાજતા જ વિદ્યાર્થીઓ દ્વારા સંતોનું સ્વાગત નૃત્ય થયું. સંતો દ્વારા ગુરુણામ્‌ગુરુ ભગવાન શ્રીહરિ તેમજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન થયું હતું.

ત્યારબાદ સંતો, ટ્રસ્ટિ મંડળ તેમજ આગેવાન ભક્તજનોએ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીનું પૂજન કરી ગુરુપૂજનની શરૂઆત કરાવી હતી.

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'ગુરુનું ઋણ સૌથી મોટું છે. બધા ઋણ ચૂકવી શકાય છે, પરંતુ ગુરુઋણ ચૂકવવું ખૂબ કઠણ છે. સદ્‌ગુરુની કૃપાથી આ લોકમાં તો તરી જ જવાય છે, પરંતુ પરલોક પણ સુધરી જાય છે.'

પૂજ્ય સ્વામીજીએ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું પદ 'ગુરુ ગુરુ કહત સંસારા..'નું વિવેચન કરી ગુરુના ભેદ અને સદ્‌ગુરુની પ્રાપ્તિનું પરિણામ દર્શાવતા જણાવ્યું હતું કે, માતા-પિતા, દાયણ, નામ પાડનાર, શિક્ષક, કંઠી બાંધનાર વગેરે આપણા ગુરુઓ છે પરંતુ સાચા સદ્‌ગુરુ તો તે છે કે જે તમામ ભ્રમણાઓ ભાંગી જીવને ભગવાનના શરણે પહોંચાડી દે. આપણી ગુણાતીત સંત પરંપરા ખૂબ દિવ્ય છે. ગુણાતીતાનંદ સ્વામીથી માંડી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સંતોની દિવ્ય નિશ્રામાં રહીં આપણે ધન્યભાગી થયા છીએ.''

ઉપરાંત દેશ-પરદેશથી વિશાળ સંખ્યામાં ગુરુપૂજન કરવા પધારેલા ભક્તજનોને હોંશ હોય કે આજે પ્રત્યક્ષ ગુરુપૂજન કરવાનો લ્હાવો મળે. સૌના હૃદયની ભાવના પૂર્ણ કરતા એકેએક ભક્તજનોએ સંતો પાસે આવી ફૂલહાર, સાકર-નારિયાળ, સુકામેવાના હાર વગેરે દ્વારા સદ્‌ગુરુઓનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી. અંતે મહોત્સવના યજમાનોને સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

રથયાત્રા મહોત્સવ

તારીખ ૧ જુલાઈ, ૨૦૨૨- અષાઢ સુદ બીજના પવિત્ર દિને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ૧૫ મો ભવ્ય રથયાત્રા મહોત્સવ ઉજવાયો. પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તથા સુભદ્રાદેવીની નગરયાત્રામાં હજારો ભક્તજનો જોડાયા. કોરોનાને લીધે બે વર્ષની બંધ રહેલી રથયાત્રા આ વર્ષે ભક્તિથી ભરપૂર રહી, આ રથયાત્રાના સંસ્મરણો દર્શન કરનારનાં હૃદયમાં છવાઈ ગયા.

મધ્યાહ્ને ૨:૦૦ કલાકે પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ સાથે સો ઉપરાંત બહેનોએ ભગવાન શ્રીજગન્નાથજી, બળરામ ભૈયા અને સુભદ્રાબેનનું પૂજન કર્યું હતું. પૂજન પૂર્ણ થતાંની સાથે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય સંતો, અમદાવાદ શહેરના કોર્પોરેટર મિત્રો, યજમાનો વગેરે મહાનુભાવોએ રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરી માર્ગ માર્જન કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. એક કિલોમીટરથી પણ વધારે લાંબી રથયાત્રામાં ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસ માંડળી, શરણાઈ વાદકો, વિવિધ નયનરમ્ય ફલોટો, કળશધારી બહેનો, વિદ્યાર્થીઓ, સંતોના રથો, ગુરુકુલના પ્રણેતા શાસ્ત્રીજી મહારાજનો રથ, પ્રસાદ રથ જેવા અનેક રથો યાત્રામાં જોડાયા હતા. સાંજના આઠ વાગ્યા સુધી અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વિહાર કરીને ભગવાને ભક્તજનોની સેવાનો સ્વીકાર કર્યો હતો. રથયાત્રાને વધાવવા માટે અનેક

વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ તથા વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું હતું. વિવિધ વિસ્તારના ભાવિકોએ વિવિધ પ્રકારના અલ્પાહાર તથા પેય સામગ્રીઓ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તજનોની સરભરા કરી હતી. યાત્રા દરમિયાન હજારો કીલો કાકડી, ખારેક, મગ, ચોકલેટ પ્રસાદ રુપે વહેંચવામાં આવ્યા હતા. નગર વિહાર કરીને ગુરુકુલના પ્રાંગણમાં પધારેલા ઠાકોરજીને સંતો-ભક્તોએ આરતી તથા પૂજન દ્વારા વધાવ્યા હતા. પૂજ્ય સ્વામીજીએ ટેલીફોનિક સંદેશ દ્વારા રથયાત્રાનો મહિમા સમજાવ્યો હતો.

સૌને પ્રેરણા મળે એવા હેતુથી 'આપણું શહેર સ્વચ્છ શહેર' એ અભિયાન અંતર્ગત રથયાત્રા દરમિયાન રસ્તામાં વેરાયેલ પ્લાસ્ટીકની થેલીઓ, પાણીના પાઉચો, પ્રસાદના ખાલી પેકેટો વગેરે કચરાની સફાઈ ગુરુકુલના ત્રણસો સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી. રથયાત્રાને વિશેષ સુશોભિત કરવા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવારના ભક્તજનો તથા શ્રી ભક્તિ મહિલા મંડળના બહેનો ભારે ભક્તિભાવ સાથે જોડાયા હતા. ભક્તજનોને પ્રસાદ વિતરણની સેવામાં તથા અન્ય વ્યવસ્થામાં અમદાવાદની વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓએ સેવાનો લાભ લીધો હતો. આમ ખૂબ જ ભક્તિભાવ સાથે રથયાત્રા મહોત્સવ પૂર્ણ થયો હતો.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર - લંડન

પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતીમાં લંડન ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર - યુ.કે. દ્વારા 'હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર'નું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ વર્ષે કોવિડની કપરી પરિસ્થિતીમાં અનેક સ્નેહીજનોએ આલોકમાંથી વિદાય લીધી, તેથી સ્વામીશ્રીના સંકલ્પ અનુસાર હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર પ્રસંગે કોવિડ દરમિયાન અક્ષરવાસી થયેલા આત્માઓની પવિત્ર સ્મૃતિમાં 'શ્રીમદ્ ભાગવત પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું.

તા. ૬ થી ૧૦ જુલાઈ, ૨૦૨૨ દરમિયાન **SKLPC** - નોર્થહોલ્ટ, લંડન ખાતે યોજાએલા સિમેનારની પૂર્વ સંધ્યાએ જે જે જીવાત્માઓએ વિદાય લીધી હતી તેમના પરિવારજનોએ પિતૃપૂજન તથા પોથીપૂજનનો લાભ લીધો હતો.

પંચદિનાત્મક કથા દરમિયાન પૂજ્ય સ્વામીશ્રીએ વ્યાસાસને બિરાજીને ભાગવતજીની પવિત્ર કથાનો લાભ આપ્યો હતો. સ્વામીશ્રીએ આધુનિક યુગને અનુરૂપ ભાગવતજીની મૂળ કથાની સાથે કથાના રહસ્યોની સમજ આપી હતી. તેઓશ્રીએ સૃષ્ટિ પ્રક્રિયા, ભગવાનના વિવિધ અવતારો, હિંદુ ધર્મની વિશિષ્ટતા, પૂતના ઉદ્ધાર, તૃણાવર્ત ઉદ્ધાર, ગોવર્ધનધારી ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર વગેરે વિષયોને આધારે ખૂબ જ સુંદર સમજ આપી હતી.

શ્રીમદ્ ભાગવતજીની કથા અંતર્ગત ગોવર્ધનલીલાની કથાના સમયે ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવ્યા હતા. લંડન નિવાસી બહેનો ભક્તો ભગવાનને અન્નકૂટ ધરાવવા માટે પવિત્રપણે બનાવેલી વાનગીઓ લાવ્યા હતા. આ કથા દરમિયાન ગુજરાતના સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર જીજ્ઞેશદાદાએ ઉપસ્થિત રહીને ભક્તજનોને પ્રેરણાત્મક બોધ પાઠવ્યો હતો. ઉપરાંત લંડનમાં રહેતા નાના બાળકો તથા યુવાનોએ ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં રાસ, સંસ્કાર પ્રેરક રૂપકો, કીર્તનગાન, પ્રવચન, કોવિડની કપરી પરિસ્થિતીમાં લોકોની સેવા કરનારા ડોક્ટરમિત્રો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતું માઈમ રજૂ કરવામાં આવ્યું હતું.

દેવશયની એકાદશીના પવિત્ર દિવસે સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ મહાપૂજાનો લાભ લઈને ગણપતિજી તથા ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂજા કરી હતી. સાથે સાથે યુ.કે. નિવાસી **SGVP** ગુરુકુલ પરિવારની બાલિકા તથા બહેનોએ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને પ્રેક્ષકોને ભક્તિના રંગે રંગી દીધા હતા.

ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના રાસ, ગરબા, રૂપક, રાધા-કૃષ્ણના પ્રેમનું વર્ણન કરતું નૃત્ય વગેરે અનોખા અંદાજથી રજૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન **'Inside UK'** કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલા મહિલા સુરક્ષાના પ્રોજેક્ટ અંગે જાગૃતિ લાવવા ખૂબ જ સુંદર સમજ આપવામાં આવી હતી. મહિલા સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન **SGVP** ગુરુકુલ પરિવારના બહેનોએ જ કર્યું હતું.

SGVP ગુરુકુલ પરિવારના યુવાન ભાઈ-બહેનો હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારની પૂર્વતૈયારીઓ ખૂબ જ ઉત્સાહ પૂર્વક કરતા હોય છે. સેમિનારના પરિસરમાં પ્રવેશ કરતાની સાથે જ સૌપ્રથમ ભગવાનનાં દર્શન થતા હતા. ત્યારબાદ **SGVP** ગુરુકુલ દ્વારા ચાલી રહેલી

આંતરરાષ્ટ્રીય સેવા-પ્રવૃત્તિઓનું દર્શન કરાવતું ફોટો પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

શ્રીમદ્ ભાગવતજીની કથા અંતર્ગત 'દશાવતાર'નું સુંદર દર્શન કરાવતું પ્રદર્શન સ્વયંસેવિકા બહેનોએ તૈયાર કર્યું હતું. જેમાં ભગવાનના દશાવતારના સ્ટેચ્યુ રાખીને સૌને દશાવતારની સમજ પ્રાપ્ત થાય તેવી તૈયારીઓ કરવામાં આવી હતી.

આ સેમિનાર દરમિયાન વિવિધ ધર્મના ધર્માચાર્યો, રાજકીય મહાનુભાવો, વિવિધ સમાજના અગ્રણીઓ, હિંદુ મંદિરના ટ્રસ્ટીઓ તથા લંડન તથા યુ.કે.ના વિવિધ વિસ્તારમાં વસતા ભક્તજનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કેન્ટન- હેરો, કાર્ડિફ

કેન્ટન- હેરો : શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ખાતે પૂજ્ય સ્વામીજીએ એક સપ્તાહ સુધી નિવાસ કરીને ભક્તજનોને સત્સંગનો અનેરો લાભ આપ્યો હતો. મંદિરમાં પધારનારા ભક્તજનોએ સ્વામીજીના સાનિધ્યમાં સત્સંગનો લાભ લઈને હૈયામાં આનંદની અનુભૂતિ કરી હતી.

સ્વામીજીની ઉપસ્થિતીમાં આફ્રિકાના અક્ષરનિવાસી શેઠશ્રી લાલજી મકનજી કરાનીયાની ૫૦મી પુણ્યતિથી નિમિત્તે ઠાકરથાળી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાસોત્સવના મંગલ પ્રારંભે પૂજ્ય સ્વામીશ્રીએ લાલજી શેઠનો સુંદર પરીચય આપ્યો હતો. વિદેશની ધરતી ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળ સંપ્રદાયનો પાયો નાંખનાર લાલજી શેઠનો ઈતિહાસ સાંભળીને સભાજનો પ્રસન્ન થયા હતા. આ પ્રસંગે લાલજી શેઠના સુપુત્રો ઘનશ્યામભાઈ, વિજયભાઈ, પંકજભાઈ વગેરે સમસ્ત કરાનીયા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. એ જ રીતે શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિર કેન્ટનના પ્રમુખશ્રી સુરેશભાઈ શિવજીભાઈ રાબડીયા, ઉપપ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, કમિટિના સભ્યો, બાળ-યુવક મંડળના સભ્યોએ તથા પુજારીશ્રીઓએ આ આયોજનને આનંદ ઉત્સાહથી ઉપાડી લીધું હતું..

કાર્ડિફ : કાર્ડિફ ખાતે પૂજ્ય સ્વામીજીનું આગમન થતાં ભાવિક ભક્તજનોએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. પૂજ્ય સ્વામીજીના સત્સંગનો સવિશેષ લાભ લેવા માટે ભાવિકજનોએ 'શ્રી કચ્છી લેવા પટેલ સમાજ' ખાતે 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ'નું આયોજન કર્યું હતું.

આ કથા દરમિયાન પોથીયાત્રા, શ્રીરામ પ્રાગટ્યોત્સવ, શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ, અન્નકૂટોત્સવ, શ્રીકૃષ્ણ-રૂક્મિણી વિવાહ વગેરે પ્રસંગો ખૂબ જ ધામધૂમથી ઉજવાયા હતા. હિંદુત્વની ગરીમાથી ભરેલી પૂજ્ય સ્વામીજીની વાણીએ સૌના હૈયામાં ખુમારી પ્રગટાવી દીધી હતી. કાર્ડિફના ભાવિક બહેનોએ આ સમગ્ર આયોજન ઉત્સાહથી ઉપાડી લીધું હતું. ઉત્સાહી સ્વયંસેવિકા બહેનોએ કથામાં પધારનારા ભક્તજનોને પ્રેમથી ભોજન કરાવ્યા હતા. આ પ્રસંગે કથાનું શ્રવણ કરવા માટે કાર્ડિફ નિવાસી ભક્તજનોનો વિશાળ સમુદાય એકત્રિત થતો હતો. ઉપરાંત બોલ્ટન ખાતે પણ શ્રીમદ્ ભાગવતજીની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ ગાજપરિયા, કેરા-કચ્છ
પ.ભ. શ્રી દેવેન્દ્રભાઈ ડી. શેઠ પરિવાર
હ.જયેશભાઈ, મુંબઈ
પ.ભ. શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. શ્રી હિરાબેન રમણલાલ મહેતા
હ. ભુપેન્દ્રભાઈ મેહતા, મૂંબઈ
શ્રી દર્શનાબેન આર. દવે, અમદાવાદ
પ.ભ. શ્રી વસંતભાઈ લિંબાસીયા, રાજકોટ
પ.ભ. શ્રી નરેશભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી નારણભાઈ ભાદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી કાનજીભાઈ ખેર, સુરેન્દ્રનગર
પ.ભ. શ્રી રણછોડભાઈ મિસ્ત્રી, અમદાવાદ

આગામી આયોજન

તા.૦૬/૦૮/૨૨, શનિવાર : **શ્રીહરી જયંતી**, શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવર્ણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૦૮/૦૮/૨૨, સોમવાર : **પવિત્રા એકાદશી.**
તા. ૧૯/૦૮/૨૨, શુક્રવાર : **શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ**, રાત્રે ૯:૦૦ કલાકે અમદાવાદ ગુરુકુલ.
તા. ૨૩/૦૮/૨૨, મંગળવાર : **અજા એકાદશી**
તા. ૩૧/૦૮/૨૨, બુધવાર : **ગણેશ ચતુર્થિ**, ગણેશજીનું વિશેષ પૂજન તથા ગણપતિયાગ, સવારે ૭ કલાકે, છારોડી ગુરુકુલ.

રથયાત્રા મહોત્સવ પ્રસંગે ભગવાન જગન્નાથજીનું પૂજન કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા મહાનુભાવો
યાત્રા દરમિયાન ભગવાનનાં દર્શન-પૂજન કરતા નગરજનો તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું પૂજન કરતા સદ્‌ગુરુ સંતો

દર્શનમ્‌માં અભ્યાસ કરતા ઋષિકુમારોના સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગે આશીર્વાદ પાઠવતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

પૂજ્ય પુરાણી સ્વામીની સ્મૃતિમાં આયોજિત મહાવિષ્ણુયાગની પૂર્ણાહૂતિ પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, રીબડા ગુરુકુલ

૨૧ જુન, વિશ્વયોગ દિવસે યોગ-લોગાની પ્રતિકૃતિ તથા સમૂહ યોગ કરતા સંતો-વિદ્યાર્થીઓ, SGVP

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

SGVPને આંગણે યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુઓનું પૂજન કરતા સંતો.
સદ્‌ગુરુઓનું સંતો તથા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પૂજન તેમજ ઉપસ્થિત ગુરુકુલ પરિવાર

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-